# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

https://gpssb.gujarat.gov.in/

## ઓ.એમ.આર.શીટ ડાઉનલોડ બાબતની સુચનાઓ

જાહેરાત ક્રમાંક-૧૨/૨૦૨૧૨૨ જુનિયર કલાર્ક(વહીવટ/હિસાબ) સંવર્ગની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા તા.૦૯-૦૪-૨૦૨૩ના રોજ બપોરે ૧૨-૩૦ થી ૧૩-૩૦ કલાક દરમ્યાન યોજાયેલ છે. ઉપરોકત પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારોની ઉત્તરવહી (OMR શીટ) મંડળની વેબસાઇટ ઉપર અપલોડ કરવામાં આવેલ છે. આ પરત્વે અમુક ઉમેદવારો ધ્વારા તેમની ઓ.અમે.આર.શીટ ડાઉનલોડ ન થતી હોવા બાબતે ટેલીફોનીક અને લેખિત રજુઆતો મળેલ છે. જે પરત્વે નીચે મુજબની કાર્યવાહી કરવા ઉમેદવારોને સુચના આપવામાં આવે છેઃ-

(૧) અમુક ઉમેદવારો પોતાના બેઠક નંબર અને કન્ફરમેશન નંબર લખવામાં ભૂલ કરતા હોવાનું જણાયેલ છે. જેથી ઉમેદવારે કન્ફરમેશન નંબરના કોલમમાં આઠ (૦૮) આંકડાનો પોતાનો કન્ફરમેશન નંબર લખવો અને રોલ નંબરના ખાનામાં પોતાનો આઠ(૦૮) આંકડાનો રોલ નંબર યોગ્ય રીતે લખવા વિનંતી છે.

(૨) આમ કરવા છતાં પણ જો કોઇ ઉમેદવારની ઓ.એમ.આર.શીટ ડાઉનલોડ ન થાય તો આવા ઉમેદવારોએ તેમના કોલ લેટરની સ્કેન કોપી / ફોટો કોપી ઇ-મેઇલ- jrclerkomr@gmail.com ઉપર પોતાની રજુઆત સાથે મોકલી આપવા ઉમેદવારોને જણાવવામાં આવે છે. જેથી તે બાબત ચકાસીને મંડળ ધ્વારા યોગ્ય રીતે કાર્યવાહી કરવામાં આવશે.

"મંડળના આદેશાનુસાર" - સહી-

તા.૧૨/૦૪/૨૦૨૩ સચિવ